RCS/54/2011 ORDER

Registration No.: RCS/54/2011
Filing No.: RCS/54/2011
Filed On: 19/09/2011
Registered On : 19/09/2011

**IN THE TALUKA COURT AT MANGROL**

**REGULAR CIVIL SUIT NO. 54 OF 2011.**

RCS/54/2011

**Plaintiff :**

**1.** Maganbhai Danabhai Desai
At.Bhailalni
vadi,Tarasadi,Ta.Mangrol,Dist.Surat.
SURAT
Gujarat

**VERSUS**

**Defendant :**

1. Minaben Jalarambhai Ramani
At.Bhailalni
vadi,Tarasadi,Ta.Kosamba,Dist.Surat.
SURAT
Gujarat

2. Haramilaben Shaileshbhai Ramani
At.Bhailalni
vadi,Tarasadi,Ta.Kosamba,Dist.Surat.
SURAT
Gujarat

Appearance:
R.D.KHER For Plaintiff 1

A.P.SHAH For Defendant 1

---

ORDER

**કો.મું.નં.૫૪/૧૧.**

**આંક–૫ ની વાદીઓની કામચલાઉ મનાઈહુકમ મેળવવાની અરજી લગત હુકમ**

**''૧''** **વાદીએ પ્રતિ.ઓ વિરૂધ્ધ હાલનો દાવો તથા મનાઈ અરજી સી.પી.સી.ઓ.૩૯ રૂ.૧,૨ તથાક.૧૫૧ મુજબ રજુ કરેલ છે.વાદીની મનાઈ હુકમની અરજીની ટુંકમાં હકિકત એવી છે કે, વાદીની મિલ્કત મોજે તરસાડી તા.માંગરોલ જી.સુરત ખાતે આવેલ સર્વે નં ૪૨૬–વાળી જમીન ઉપર પાડવામાં આવેલ પ્લોટ નં ૨૩ જેનુ ક્ષેત્રફળ લંબાઈ ૫૫ ફુટ તથા પહોળાઈ ૧૫ ફુટની છે. જે ગ્રામ પંચાયતે નં ૨૭૬૯ થી નોધાયેલ છે. સદર પ્લોટની ઉત્તરે આ કામના પ્રતિવાદીઓના પ્લોટ નં ૨૨ તથા ૨૧ આવેલા છે. આ કામના પ્રતિવાદીઓએ નગર પાલીકાની પરવાનગી લીધા વિના કાયદા મુજબની માર્જીન જગ્યા છોડી દીધા વિના પુરેપુરુ બાંધકામ કરી દીધેલ છે. આ કામના પ્ર તિવાદીઓ અમો વાદીઓની પ્લોટ નં ૨૩ ની ઉત્તરે આવેલ પ્લોટ નં ૨૧ અને પ્લોટ નં ૨૨ની દીવાલ ઉપર મકાનની બારી ઓ તથા ખુલ્લી ગેલેરી મુકવાની તજવીજ કરી રહેલ હોય જેથી અમો વાદીના આકાસી તથા ઈઝમેન્ટરી રાઈટ તથા પ્રાઈવસી ના રાઈટ ને નુકશાન જાય તેમ છે આ કામના પ્રતિવાદીઓને ગેરકાયદેસર બાંધકામ કરતા અટકાવતા તથા વાદી ના પ્લોટની દીશા તરફ થી દીવાલને ભાગે બારી વેન્ટીલેશન તથા ગેલેરી ખુલ્લી મુકવા માટે અટકાવતા અટકતા નથી.અને પ્રતિવાદીઓએ બાંધકામ માટે નગરપાલીકાની પુર્વપરવાનગી લીધેલ ન હોય આમ પ્રતિવાદીઓને બાંધકામ કરવાનો કોઈ હકક અધીકાર ન હોય જેથી, વાદીને આ દાવાનું કારણ ઉત્પન્ન થતાં,વાદીએ હાલના દાવા સાથે હાલની મનાઈ હુકમની અરજી દાખલ કરી અરજી મુજબની દાદ અપાવવા અરજ ગુજારેલ, જેથી મારા પુરોગામી જજશ્રીએ અરજી હેઠળ તા.૧૯/૯/૧૧ના રોજ તા.૦૩/૧૦/૧૧નારોજ બજી આવે તે રીતે નોટીશ કાંઢવાનો હુકમ કરેલ છે.**

''૨'' પ્રતિ.ઓને ધોરણસરની મનાઈહુકમની બજવણી કરવામાં આવેલ છે પ્રતિવાદીઓ તેમના વકીલ શ્રી મારફતે હાજર થઈ આંક–૨૨થી સંયુકત જવાબ રજુ કરી વાદીની દાવાઅરજી તથા મનાઈ હુકમની અરજીનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે તેઓએ જણાવેલ છે કે,અમો પ્રતિવાદી બ્લોક નં ૨૧,૨૨ ઉપર મકાન બનાવી રહેલ છે. જે એક પ્લોટની પહોળાઈ ૧૫ ફુટ અને લંબાઈ ૫૫ ફુટની છે. અને પ્રતિવાદીઓ તેઓના પ્લોટ ની હદમાં બનાવી રહેલ છે.અને ત્રણેય માળ પર નુ ં બાંધકામ કરવા માટે સને ૨૦૦૭ ની સાલમાં તરસાડી મ્યુનસીપલ બરોની પરવાનગી લીધેલી અમો પ્રતિવાદીએ પ્લોટ નં ૨૨ અને૨૧ માં પુરેપુરુ બાંધકામ કરેલ નથી અમારા પ્લોટ નં ૨૧ની ઉત્તરે૫ ફુટની પહોળાઈ અને ૫૫ ફુટની લંબાઈ ની જગ્યા ખુલ્લી રાખામાં આવેલ છે. અને અમો પ્રતિવાદીએ ઉત્તર બાજુએ કોઈ બારી કે વેન્ટીલેશન મુકેલ નથી આ કામના વાદી ના પ્લોટ નં ૨૩ ના દસ્તાવેજ મુજબ પુર્વ અને પશ્ચીમ પહોળાઈ ૧૫ ફુટ અને ઉત્તર દક્ષીણ લંબાઈ ૫૫ ફુટ થાય છે. આમ વાદીના દસ્તાવેજમાં જણાવેલ માપ ૧૫ ફુટ પહોળાઈ થાય છે.અમો પ્રતિવાદીએ વાદીના પ્લોટની ઉત્તરે કોઈ જાતની વેન્ટીલેશન કે બારી મુકવામાં આવેલ નથી વાદીને કોઈ પણ જાતના હકકહીતને નુકશાન જાય તેમ નથી કારણ કે વાદીએ તેમના પ્લોટ નં ૨૩ ની દીવાલ થી ૭ ફુટની જગ્યા છોડેલી છે. તેવા સંજોગોમાં વાદીના કોઈપણ આકાસી હકકો કે ઈઝમેન્ટરી રાઈટને નુકશાન પહોપાડેલ નથી.અને અમો વાદીએ પ્રતિવાદીની ઉત્તર બાજુએ એક ઈંચ પણ વધારાનું બાંધકામ કરેલ નથી  આજેમાં અમો પ્રતિવાદીએ કોઈ પણ બાંધકામ દાવા અરજી તથા મનાઈ અરજીમાં જણાવ્યા મુજબનું કરેલ નથી અને આ કામના અન્ય પ્લોટ હોલ્ડર પ્લોટ નં ૨૪,૨૫,૨૬ નાઓને પક્ષકાર તરીકે જોડેલ નથી.અમો પ્રતિવાદીએ કોઈપણ પ્રકારનું કોઈ ને અડચણ અવરોધ થાય કે, દબાણ થાય તે રીતે બાંધકામ પ્રતિ.ઓ કરી રહેલા નથી.વાદી જણાવે છે તેવું કોઈ વેન્ટીલેશન કે બારી મુકવામાં આવેલ નથી. કોઈપણ પ્ર

કારે અડચણ,અવરોધ ના થાય તે રીતે કાયદાનો અમલ કરી કાયદા મુજબ જોગવાઈની બાંધકામ કરેલ છે.આમ જણાવી વાદીની અરજી રદ કરવા અરજ કરેલ છે.

''૩ '' વાદી તરફે રજુ થયેલા દાવા અરજી તથા આંક–પની અરજી તેમજ આંક–૩ના લીસ્ટથી માર્ક– ૩/૧થીમાર્ક–૩/૨ સુધીનો આકારણી પત્રક , માર્ક–૩/૩નો વેચાણ દસ્તાવેજ ની નકલ, માર્ક–૩/૪ થી માર્ક–૩/૫ સીટી સર્વે સર્વેની નકલ, માર્ક૩/૬તરસાડી નગરપાલીકાએ પ્રતિવાદીને આપેલ નોટીસ,માર્ક–૩/૭ પ્ર તિવાદીને બાંધકામ માટેની પરવાનગી આપેલ નથી તે બાબતનો પત્ર,માર્ક–૩/૮થીમાર્ક–૩/૧૨સુધીના ફોટોગ્રાફસ,માર્ક–૧૪/૧થી ૬ સુધીના ફોટોગ્ર ાફસ માર્ક–૧૯/૧થી માર્ક–૧૯/૭ સુધીના ફોટોગ્રાફસ રજુ કરેલ છે. પ્રતિ.ઓ તરફે આંક–૨૨ની દાવાનો જવાબ રજુ કરેલ છે.માર્ક–૭૪/૧થી માર્ક ૭૪/૧૨ સુધીના દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.પક્ષકારો તરફે રજુ થયેલ આ દસ્તાવેજી પુરાવાઓ તથા સોગંદનામાઓ વંચાણે લીધો. તેમજ આ કામે કોર્ટ કમીશનર ધ્વારા કરવામાં આવેલ માર્ક–૧૦/એનું પંચનામું,માર્ક–૧૦/બીના નકશાને તથા માર્ક–૭૧ એ વંચાણે લીધો.

૪ વાદી તરફે વિ.વ.શ્રી આર.ડી.ખેરની આંક–૭૮ થી લેખીત દલીલો તેમજ પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી એ.પી.શાહ આંક–૭૯ થી રજુ થયેલ લેખીત દલીલો વંચાણે લીધી.

૫ આ કામે ઉપરોકત પક્ષકારોના પ્લીડીંગ્સ અને પુરાવાઓને ધ્યાને લેતાં, આ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

**મુ દા ઓ**

**''૧'' શું વાદી સાબીત કરે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?**

**''૨'' શું વાદી સાબીત કરે છે કે, સગવડતા,અગવડતાનું પલ્લુ તેઓની તરફેણમાં છે?**

**''૩'' શું વાદીને પ્રતિવાદી વિરૂધ્ધ માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવામાં આવે તો વાદી ને નાણાં થી ભરપાઈ ના થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે ?**

**''૪'' શું હુકમ કરવો જોઈએ ?**

૬ ઉપરોકત મુદાઓના મારા જવાબો નીચે મુજબ છે.

''૧'' નકારાત્મક.

''૨'' નકારાત્મક.

''૩'' નકારાત્મક.

''૪'' આખરી હુકમ મુજબ.

૭ ઉપરોકત હકિકતો તેમજ રેકર્ડના સંજોગો ધ્યાનમાં લેતાં, ઉપરોકત મુદાઓના જવાબ માટેના મારા કારણો, તારણો નીચે મુજબ છે.

**કા ર ણો**

૮ <u>મુદા નં.૧ ના કારણોઃ–</u>

''૧'' ઉપરોકત તમામ મુદાઓ એકબીજા સાથે સંકડાયેલા હોવાથી તે તમામ મુદાઓની ચર્ચા અને કારણો ન્યાયીક સગવડતા ખાતર સંયુકત કરવામાં આવે છે.

''૨'' વાદીની મિલ્કત મોજે તરસાડી તા.માંગરોલ મુકામે આવેલ સર્વે નં ૪૨૬ ઉપર પાડવામાં આવેલ પ્લોટો પૈકી આ કામના પ્રતિવાદી વાદીના પ્લોટ નં ૨૩ ની ઉત્તર દીશા તરફ અડીને આવેલ પ્લોટ ૨૨ અને પ્લોટ નં ૨૧ ઉપર ની અમો ૨૩ ના આકાસી અને ઈઝમેન્ટરી રાઈટ,પ્રાઈવસી રાઈટને નુંકશાન થાય તે રીતે વાદીના પ્લોટ ની દીવાલના ભાગે બારીઓ,વેન્ટીલેશન કે ગેલેરી રાખી ને કોઈ જાતનું બાંધ કામ કરે કરાવે નહી તેવો પ્ર તિવાદી વિરુધ્ધ દાવા દરમ્યાનનો મનાઈ હુકમ માંગણી કરેલ છે તથા તરસાડી નગર પાલીકાની પુર્વ પરવાનગી બાંધકામ માટે મેળવી નથી તથા નવા બાંધકામ નિયમ મુજબ પ્લોટ ની માર્જીનની એટલેકે બાંધકામ કરવા પાત્ર જમીનસીવાયની જમીન ઉપર અમો વાદીના હકક હીત ને નુકશાન જાય તે રીતે હસ્તે પર હસ્તે બાંધકામ કરે કરાવે નહી તેવો વાદીની તરફેણમાં તથા દાવાવાળી જગ્યાની દાવાના આખરી નીકાલ સુધી સ્ટેટસ્કો નો હુકમ માટેની દાદ માંગેલ છે.આ કામે વાદી એ હાલના દાવામાં જે દાદ માંગી છે તે દાદ જોતાં, તથા હાલની અરજીમાં જે દાદ માંગી છે તે દાદ જોતાં, હાલના તબકકે જો આ અરજીમાં વાદી ધ્વારા માંગવામાં આવ્યા મુજબની દાદ એટલે કે, કામચલાઉ મનાઈહુકમ પ્રતિવાદી વિરૂધ્ધ ફરમાવવામાં આવે તો દાદનું આખરી હુકમનામું થઈ જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ છે. જો કોઈપણ હુકમથી વાદીના દાવાનો આખરી નિર્ણય થઈ જાય તેવી પરિસ્થિતિ

સજાય તો તેવો હુકમ કાયદા પ્રમાણે કરવો જોઈએ નહી તેવો પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત છે.

''૩'' વધુમાં આ કામે વાદીએ હાલની અરજીમાં જે દાદની માંગણી કરેલ છે તે જોતાં, વાદીની માલીકીના કબજા આવેલ પ્લોટ નં ૨૩ ની ઉત્તરે સાત ફુટની ખુલ્લી જગ્યા છોડી પ્ર તિવાદીઓના પ્લોટ નં ૨૧ અને ૨૨ ની જગ્યા આવેલી છે અને પ્રતિવાદીએ પુરેપુરુ બાંધકામ કરી દીધેલ છે. આ કામના પ્રતિવાદીએ તરસાડી નગર પાલીકાની બાંધકામ માટેની પરવાનગી લીધેલ નથી આ કામના પ્રતિવાદી વાદીના પ્લોટ નં ૨૩ ની ઉત્તર દીશા તરફ અડીને આવેલ પ્લોટ ૨૨ અને પ્લોટ નં ૨૧ ઉપર ની અમો વાદીના પ્લોટ નં–૨૩ ના આકાસી અને ઈઝમેન્ટરી રાઈટ,પ્રાઈવસી રાઈટને નુંકશાન થાય તે રીતે વાદીના પ્લોટ ની દીવાલના ભાગે બારીઓ,વેન્ટીલેશન કે ગેલેરી રાખી ને કોઈ જાતનું બાંધ કામ કરે કરાવે નહી તેવી દાદની માંગણી કરેલ છે. આ કામે વાદી તરફે રજુ કરવામાં આવેલ જે નિ ૩/૩ થી રજુ થયેલ છે જેમાં પુર્વ પક્ષ્ચીમ પહોળાઈ ૧૫ ફુટ અને ઉત્તર દક્ષીણ લંબાઈ ૫૫ ફુટ દર્શાવેલ છે. આ કામે વાદી ધ્વારા હાલનો દાવો કરી પંચનામું કરાવવામાં આવેલ છે. જે માર્ક–૧૦/એ થી પંચનામું અને નકશો માર્ક–૧૦/બી થી રજુ થયેલ છે. કોર્ટ કમીશનરશ્રીએ પંચો રૂબરૂ પંચનામું કરેલ છે જે પંચનામા સામે આ કામના પ્રતિવાદીએ આંક– ૫૨ થી માર્ક ૧૦/એ થી રજુ થયેલ પંચનામા અંગે વાંધો દર્શાવી આંક ૫૨ થી કમીશન અરજી આપેલ જે અંગે માર્ક૭૧/એ થી પંચનામુ રજુ થયેલ છે વાદી પક્ષે કોઈ વાંધો કે તકરાર ન લેતા વાંધો કે, તકરાર ઉઠાવવામાં આવેલી નથી અને તે પંચનામું જોતાં,જેમાં વાદીના મકાનની પુર્વ પશ્ચીમ પહોળાઈ ૧૫ ફુટ દર્શાવેલ છે. તેમજ વાદીના નિ૩/૩ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ જેમાં પુર્વ પક્ષ્ચીમ પહોળાઈ ૧૫ ફુટ અને ઉત્તર દક્ષીણ લંબાઈ ૫૫ ફુટ દર્શાવેલ છે. તેમજ આ કામે વાદીના મકાનની પ્રથમ માળે ઉત્તર દીશા તરફ કાચની બારી આશરે ૮૦ ઈંચ×૪૬ ઈંચ ની બારી દીવાલમાં આવેલ છે.પ્રતિવાદીની દીવાલને ૧૦ ફુટની ગેલેરી આવેલ છે.અને ગેલેરી છોડીને દક્ષીણ ઉત્તરદીશા તરફ ૪ ફુટ ૨ઈંચ છોડી બારી તથા દરવાજો આવેલ છે. એટલે કે, પંચનામાની સદર વિગત જોતાં, વાદીને પ્રતિવાદીએ પોતાની મિલ્કતમાં જે ગેલેરી કાંઢવાનું કૃત્ય કરેલ હોવાનું જણાય આવે છે જે વાદીની મનાઈઅરજીમાં વાંધો હોઈ શકે તે મુજબનું કોઈ ગેલેરી પ્રતિ.એ કાંઢેલ નથી તેવુ પંચનામું જોતાં સ્પષ્ટપણે જણાય આવે છે.

''૪'' આ કામે વાદીની અરજીની દાદ જોતાં, પ્રતિવાદી તેઓની મિલ્કતમાં વાદીની પ્લોટની ઉત્તર તરફ વેન્ટીલેશન ગેલેરી મુકી બાંધકામ કરે/કઢાવે નહી તેવા મતલબનો કામચલાઉ મનાઈહુકમ મેળવવા માટેની દાદની માંગણી કરેલ છે. પરંતુ, આ કામે પંચનામાની હકીકતો જોતાં તથા વાદી તરફે રજુ થયેલ માર્ક–૩/૮ થી માર્ક–૩/૧૨ના ફોટોગ્રાફસ જોતાં, પ્રતિ.એ તેઓની મિલ્કતમાં દીવાલમાં બારીઓ હને વેન્ટીલેશ મુકેલ અને બાંધકામ કરી દીધેલ છે. એટલે કે, પંચનામાથી તથા રજુ થયેલ ફોટોગ્રાફસથી એ હકીકત ફલીત થાય છે કે, સ્થળ ઉપર પ્રતિવાદી ધ્વારા મકાનનું બાંધકામ થઈ ગયેલ છે તેથી જે વાદીના પ્લોટની ઉત્તર દીશાએ આવેલ પ્ર તિવાદીના પ્લોટ નં ૨૧ અને ૨૨ ઉપર પર બાંધકામ કરી દીધેલ છે.વધુમાં આ કામે દાવા અરજીમાં તથા મનાઈ અરજીની દાદ વંચાણે લેતા પ્રતિવાદીના પોતાના પ્લોટ નં ૨૨ તથા ૨૧ ઉપર ની દીવાલના ભાગે ગેલેરી અને વેન્ટીલેશન રાખીને કોઈપણ જાતનું બાંધકામ કરે કરાવે નહી. તેવો મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે. જે દાદ જોતા પ્રતિવાદી પોતાની મીલકતમાં ગેલેરી અને વેન્ટીલેશન મુકે નહી તે જોતા આદેશાત્મક મનાઈ હુકમ ની માંગણી કરેલ છે.તેમજ આ કામે વાદી તરફે રજુ થયેલ માર્ક–૧૯/૧ થી માર્ક–૧૯/૭ તથા માર્ક–૧ ૪/૧ થી માર્ક–૧૪/૬ જોતા વાદીના પ્લોટના ઉત્તરે દબાણ થાય તે રીતે બાંધકામ કરેલ ન હોવાનું ફોટોગ્રાફસ જોતા ફલીત થાય છે. વધુમાં આ કામે કોર્ટ કમીશનર ધ્વારા સ્થળસ્થિતિનું પંચનામું કરવામાં આવેલ છે જે નિ.૧૦/એથી રજુ કરવામાં આવેલ છે અને તે લગતનો નકશો નિ.૧૦/બીથી રજુ કરવામાં આવેલ છે. જે કોર્ટ કમીશનરશ્રીના રીપોર્ટ મુજબ પણ પ્રતિવાદી ધ્વારા વાદીના મકાનની ઉત્તર તરફ દબાણ થાય તે રીતે દિવાલ ઉપર કોઈપણ પ્રકારનુ બાંધકામ કરેલ હોય તેવુ જણાય આવતુ નથી. તેવા સંજોગોમાં વાદીઓ જણાવે છે તે મુજબ પ્ર તિ.ધ્વારા ગેરકાયદેસર રીતે પરવાનગી વિના બાંધકામ કરેલ હોવાનું જણાવતા હોય અને આ બાંધકામના કારણે વાદીના પ્લોટનં ૨૩ ના આકાશી હકક, ઈઝમેન્ટરી હકક,તથા પ્રાઈવશી ના રાઈટ ને નુકશાન થાય તે રીતે નું બાંધકામ કરવામાં આવેલ છે કે કેમ?અને પ્રતિવાદી ધ્વારા કરવામાં આવેલ બાંધકામ નિયમો વિરુધ્ધ નું હોય અને તેના કારણે વાદીને પોતાની મીલકત નો વપરાશના કરવામા હકકમાં અંતરાય થાય છે કે કેમ? તે પુરાવાનો વિષય બની રહે છે અને જયાં સુધી આ કામે તે અંગેનો પુરાવો રજુ કરી પુરાવો લેવામાં ન આવે ત્યાં સુધી તે હકીકત

ઉપર કોઈપણ પ્રકારનો નિર્ણય લઈ શકાય તેમ નથી. વધુમાં આ કામે વાદીઓ જણાવે છે તે મુજબનું પ્રતિ. ધ્વારા કોઈપણ પ્રકારનું બાંધકામ કરવામાં આવેલ હોય તો તે સંબંધે વાદીના પ્રાઈવસી ના રાઈટને નુકશાન કોઈ સજજર પુરાવો વાદીઓ તરફે રજુ કરવામાં આવેલ નથી. તેથી હાલના તબકકે ઠોસ અને સજજર પુરાવાના અભાવે વાદીઓના જણાવ્યા મુજબ પ્રતિ. ધ્વારા વાદીના હવાઉજાસ અને ઈઝમેન્ટરી તથા પ્રાઈવસી ના હકકને નુકશાન થાય તે મુજબનુ બાંધકામ કરેલ હોવાની હકીકત હાલના તબકકે પ્ર થમદર્શનીયરીતે માવનાપાત્ર રહેતી નથી. તેથી, ઉપર મુજબની તમામ એકંદરની હકીકત જોતાં, વાદીઓની અરજીમાં જણાવેલ આક્ષેપો પુરાવાનો વિષય હોય અને પુરાવો લીધા સિવાય તે હકીકતનો નિર્ણય લઈ શકાય તેમ ના હોય વાદીઓ માંગે છે તેવી દાદ મેળવવા માટે તેઓ પ્રથમદર્શનીયરીતે હકકદાર થતા નથી અને તે કારણોસર વાદીઓનો કોઈ પ્રથમદર્શનીય કેસ નથી તેવુ મારૂ સ્પષ્ટપણે માનવુ થાય છે. વાદીઓ પોતાનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ પુરવાર કરી શકેલા નથી જો તેઓ પ્રથમદર્શનીયરીતે પોતાનો કેસ હોવાનું પ્રસ્થાપિત કરી શકેલા ન હોય તો અગવડતા, સગવડતા અને નાણાંમાં બદલો ન વળી શકે તેવુ અમાપ નુકશાન થતુ હોવાની હકીકત વાદીના લાભમાં હોવાનું માની શકાય નહી. આમ, ઉપરોકત એકંદરની

ચર્ચા મુજબ વાદીઓ હાલની કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટેની અરજી અંગેના આવશ્યક તત્વો જે મુદા નં.૧ થીઉમાં વર્ણન કરેલ છે તે પુરવાર કરવા જોઈએ જે પુરવાર કરી શકેલા નથી.આ કામે પ્રતિવાદી પક્ષે નામદાર સર્વોચ્ચ/વરિષ્ઠ અદાલતના ચુકાદા એઆઈઆર ૧૯૮૨ ઓલ પેજ નં ૨૦,એઆઈઆર ૧૯૭૩ ઓલ પેજ નં ૫૩૮,એઆઈઆર ૧૯૭૪ ગુજ.પેજ નં ૧૦૯ નો ચુકાદા ના પ્રસ્થાપિત સીધ્ધાંત જયારે હાલના દાવામાં પુરાવાનો તબકકો બાકી હોય તે સંજોગોમાં ઉપરોકત ચુકાદા આ તબકકે પ્રતિવાદીપક્ષને મદદરૂપ થતો નથી.

''૫'' આમ,ઉપર મુજબની તમામ ચર્ચા કરી તે મુજબ વાદીનો મનાઈહુકમ મેળવવા માટેનો પ્ર થમદર્શનીય કેસ નથી તેવુ સ્પષ્ટપણે ફલીત થાય છેઅને જોવાદીનો મનાઈહુકમ મેળવવા માટેનો પ્રથમદર્શનીય કેસ ન હોય અને હાલના તબકકે દરમ્યાન મનાઈહુકમ મેળવવા માટેનું

કોઈ કારણ અસ્તિત્વ માં રહેતુ ન હોય સગવડતા, અગવડતાનું પલ્લુ પણ વાદીના લાભમાં હોવાનું માની શકાય નહી અને જો વાદીને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીને કોઈ નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાનો સંભવ વાદીના લાભમાં હોવાનું માની શકાય તેમ નથી. તેથી મુદાનં.૧થી૩નો ઉત્તર નકારમાં આપી, મુદાનં.૪ અંગેનીચે મુજબ નો હુકમ ફરમાવવામાં આવે છે.

**હુ ક મ**

''૧'' વાદીની આંક–૫ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

''૨'' અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આ હુકમ આજરોજ ખુલ્લી કોટમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કયો.

સ્થળ–માંગરોલ

તા.૩/૦૨/૨૦૧૫.

(જે.એસ.પંચાલ)
એડીશનલ સીવીલ જજ,
માંગરોલ.

JUDGECODE GJ00989

Date : 03/02/2015
Place : MANGROL

Mr Jigneshkumar Sureshbhai Panchal
GJ00989

MANGROL.